Date: 04/04/2026, Page: 01
Divya Bhaskar, Gandhinagar

# IPL મેચના દિવસોમાં ગાંધીનગર સુધી મોડી રાત સુધી મેટ્રો ટ્રેન દોડશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

IPની મેચોને ધ્યાનમાં રાખીને મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મેચના દિવસોમાં મોટેરાથી ગાંધીનગર જવા માટે રાત્રે 11:40 અને 12:10 કલાકે બે વધારાની સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. આ સાથે મુસાફરોની સુવિધા માટે 50 રૂપિયાની સ્પેશિયલ પેપર ટિકિટ પણ બહાર પાડવામાં આવી છે, જેથી મેચ પૂરી થયા બાદ સ્ટેશન પર ટિકિટ લેવા માટે થતી ભીડથી બચી શકાય. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આગામી એપ્રિલ અને મે મહિનામાં IPLની અનેક મેચો રમાવાની છે. આ મેચો રાત્રે મોડી પૂરી થતી હોવાથી ગાંધીનગર તરફ જતા લોકોને ઘરે પહોંચવામાં મુશ્કેલી ના પડે તે માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.સામાન્ય દિવસોમાં મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે મેટ્રો સેવા રાત્રે 7:40 વાગ્યે બંધ થઈ જાય છે, પરંતુ મેચના દિવસોમાં આ સેવા મધ્યરાત્રિ સુધી ચાલુ રહેશે. ખાસ કરીને આજે તથા 17, 20, 26, 30 એપ્રિલ અને 3 તથા 12 મેના રોજ જ્યારે ડે-નાઈટ મેચ હશે, ત્યારે મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર માટે રાત્રે 11:40 વાગ્યે અને છેલ્લી ટ્રેન 12:10 વાગ્યે ઉપડશે.તંત્ર દ્વારા 50ની ફ્લેટ રેટ વાળી સ્પેશિયલ પેપર ટિકિટની સુવિધા શરૂ કરાઈ છે.